**એવીએન્ટ મટીરીયલ્સ ઈન્ડિયા પ્રા.લી કંપનીના ગેટ પર કર્મચારીઓનો ઉગ્ર વિરોધ**

# નવા વર્ષે કોન્ટ્રાકટરની ભેટ, 30 થી વધુ કર્મચારીઓને છૂટા કરી દેવાયા

15 વર્ષ ઉપરાંતથી નોકરી કરતા કામદારોની ન્યાય માટે આંદોલન સાથે કોર્ટમાં જવાની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા, તા.1
સાવલી રાણીયા ખાતે આવેલ એવીએન્ટ મટીરીયલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડમાં ચાલતા સંકલ્પ મેન પાવર પ્રાઈવેટ લિમિટેડમાં ચાલતો કોન્ટ્રાક્ટ પૂરો થતા 30 થી વધુ કર્મચારીઓને છૂટા કરી દેવામાં આવતા કર્મચારીઓમાં રોષની લાગણી ફેલાય છે. કર્મચારીઓએ કંપનીના ગેટ બહાર સુત્રોચાર કરી ન્યાયની માંગણી કરી હતી.

સંકલ્પ મેન પાવર પ્રાઈવેટ લિમિટેડના કર્મચારીઓએ કંપનીના ગેટ બહાર એકત્ર થઈને ઉગ્ર સૂત્રોચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. કંપનીમાં ચાલતા સંકલ્પ મેન પાવર પ્રાઈવેટ લિમિટેડના કોન્ટ્રાક્ટર દ્વારા કર્મચારીઓને જણાવવામાં આવ્યું હતું કે, 31 ડિસેમ્બરના રોજ કોન્ટ્રાક્ટ પૂરો થયા બાદ મેનેજમેન્ટ નવા વર્ષ 1 જાન્યુઆરીના રોજથી કોન્ટ્રાક્ટ રાખવા માંગતા નથી. આ સંજોગોમાં રાણીયા ખાતે કોન્ટ્રાક્ટની કામગીરી બંધ થતા ત્યાં કામકાજ શક્ય નથી. આથી તમામ કામદારોને મળવાપાત્ર રકમ જેવી કે નોટિસ પગાર, પગાર, રજા પગાર, બોનસ, ગ્રેજ્યુટી, છટણી વળતર તમામ કામદારોને તારીખ 1ના રોજ તેમના બેંક ખાતામાં ચૂકવી આપવામાં આવશે. જો કે, અચાનક નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવતા કર્મચારીઓનો પડદા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે. ઉમર પણ મર્યાદિત હોય અન્ય કંપનીમાં પણ નોકરી મેળવી શકતા નહીં હોવાથી કામદારોમાં આક્રોશ ફેલાયો છે.

## પ્રતાપનગર રેલવે કોલોનીમાં ફિયાન્સી સાથે રહેતા યુવકની હત્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
પ્રતાનગર રેલવે કોલોનીમાં ફિયાન્સી સાથે રહેતા યુવકની હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી ગઈ છે. ત્યારે આ યુવકની હત્યા તેની ફિયાન્સીએ કોઈની સાથએ મળીને કરતી તો નથી તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વડોદરા શહેરના પ્રતાપનગર રેલવે કોલોનીના મકાનમાં સચીન ગણપતભાઈ રાઠવા રહેતા હતા. પરંતુ મોડી રાત્રીના સમયે સચીનભાઈ પોતાના મકાનમાં ઉંઘી ગયા હતા. જેથી તેમની સાથે રહેતી તેની ફિયાન્સી રેખાબેન નામની યુવતીએ તેમને ઉઠાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓ ઉઠ્યા ન હતા. જેથી રેખાબેન દ્વારા તેમના સગા સંબંધીઓને બુમ પાડી જગ્યાં હતા. જેથી તેઓ દ્વારા પણ સચીન ભાઈને ઉઠાવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ તેઓ નહી ઉઠતા 108 એમ્બ્યુન્સ વાન બોલાવી તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતા. ત્યારે તેમને હાજર તબીબ દ્વારા મરણ જાહેર કરવામાં આવ્યાં હતા.

**હાઇકોર્ટ દ્વારા લોહીત, નોટો સેરીફ, નોટો સન્સ ગુજરાતી ફોન્ટને માન્યતા અપાતા વિરોધ**

# વડોદરા વકીલ મંડળ 2 તથા 3 જાન્યુઆરીના રોજ કામગીરીથી અલિપ્ત રહેશે

**તમામ** કારોબારી સભ્યોએ હાજર રહી સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
વડોદરાની કોર્ટમાં વર્ષોથી સુલેખ, શ્રુતિ, ગુગલ ઈન્ડીક, ગુગલ ફોનેટીક, સરલ ફોન્ટસથી ગ્રીન (લેઝર) પેપર ઉપર કેસો દાખલ કરવામાં આવે છે. પરંતુ ગુજરાત હાઈકોર્ટ દ્વારા પરીપત્ર બહર પાડીને લોહીત ગુજરાતી, નોટો સેરીફ ગુજરાતી, નોટો સન્સ ગુજરાતી ફોન્ટ સાઈઝ-13ને માન્યતા આપવામાં આવી છે. જેનો વડોદરા વકીલ મંડળ દ્વારા સખત વિરોધ કરાયો છે અને આગામી 2 અને 3 જાન્યુઆરી સુધી અલિપ્ત રહેવાનો ઠરાવ કરાયો છે. જુના ફોન્ટસ પ્રમાણે કેસો દાખલ અને સ્વીકાર્ય થાય તેવા માંગણી કરાઇ છે. જરાત હાઈકર્ટ દ્વારા જાહેર કરેલા પરીપત્ર મુજબ જે ફોન્ટસ (લોહીત ગુજરાતી, નોટો સેરીફ ગુજરાતી, નોટો સન્સ ગુજરાતી) ફોન્ટ સાઈઝ-13ને માન્યતા આપવામાં આવી છે પરંતુ આ તમામ ગુજરાત ફોન્ટસ સ્થાનિક બારોમાં કાર્યરત નથી. જ્યારે સુલેખ, શ્રુતિ, ગુગલ ઈન્ડીક, ગુગલ ફોનેટીક, સરલ ફોન્ટસથી ગ્રીન (લેઝર) પેપર ઉપર કેસો દાખલ કરવામાં આવે છે.

1 જાન્યુઆરી 2026થી હાઈકોર્ટના હુકમનો સ્થાનિક કોર્ટો દ્વારા અમલમાં મુકયો છે. જેથી હાઈકોર્ટના સરકયુલરને તાત્કાલીક અમલ કરવો મુશ્કેલ છે. જેથી સ્થાનિક બારોમાં ચાલતા ફોન્ટસનો હાઈકોર્ટ દ્વારા સરકયુલર બહાર પાડી અમલ કરવા વકીલો તથા ધારાશાસ્ત્રીની માંગણી કરવામાં આવી છે અને જે વકીલ દ્વારા જુના ફોન્ટસ પ્રમાણે કેસો દાખલ કરવામાં આવે તો તેને હાલમા કોર્ટ સ્વીકારે તેવી અમારી માંગણી છે.

હાઈકોર્ટના સરકયુલરનો ડીસ્ટ્રીક કોર્ટનો અમલ કરી ફાઈલીંગ બંધ કરી દીધુ છે. જેથી 2 થી 3 જાન્યુઆરી સુધી કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવાનો વડોદરા બાર એસેઓશિએશ દ્વારા ઠરાવ કરવામાં આવ્યો છે અને આ ઠરાવમાં જણાવેલા ફોન્ટસ (લીપી) નો સમાવેશ કરવામાં આવશે નહી તો અન્યથા નવા ફોન્ટસથી ટ્રેનીંગ આપી તેને લાગુ કરવામાં ૩ માસનો સમય આપવા વકીલ મંડળની માંગણી છે. જે સ્વીકારવામાં નહી આવે તો કોર્ટ કાર્યવાહીથી અલીપ્ત રહેવાનો સમય વધારવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરા વકીલ મંડળના સભ્યોને ગુરૂવારના રોજ વડોદરા વકીલ મંડળના ચુંટાયેલા કારોબારી સભ્યોની મીટીંગ પ્રમુખ હસમુખ ભટ્ટના અધ્યક્ષ સ્થાને નવા એડવોકેટ હાઉસ ખાતે યોજાઇ હતી. જેમાં તમામ કારોબારી સભ્યોએ હાજર રહી સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

**૯થી વધુ દેશોના ટોચના પેડલર્સની 300+ ભાગીદારી શામેલ થશે**

# TTAB વડોદરા દ્વારા વર્લ્ડ TT યુથ કન્ટેન્ડર અને વર્લ્ડ ફીડર સિરીઝનું આયોજન

WTT ફીડર સિરીઝ તા.7થી 11 જાન્યુઆરી દરમિયાન ભારતમાં પહેલીવાર રમાશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.1
ગુજરાત રાજ્યનું સાંસ્કૃતિક શહેર, વડોદરા, ફરી એકવાર ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) દ્વારા દેશ અને બહાર 11થી 19 વર્ષની વયના યુવા TT પેડલર્સને WTT YC અને WTT ફીડર માટે ઓપન એજ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડવા માટે સજ્જ છે. ₹વર્લ્ડ ટેબલ ટેનિસ યુથ કન્ટેન્ડર₹ અને ₹વર્લ્ડ ફીડર સિરીઝ₹માં ટોચના સન્માન માટે સ્પર્ધા કરશે, જે તા.2થી 11 જાન્યુઆરી 2026 દરમિયાન સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સમા ખાતે યોજાશે.અમને જણાવતા ખૂબ આનંદ થાય છે અને ગર્વ થાય છે કે ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (TTFI) અને ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (GSTTA) ના નેજા હેઠળ, વડોદરા ખાતે ઉપરોક્ત મેગા પ્રતિષ્ઠિત WTT યુવા કન્ટેન્ડર અને WTT ફીડર સિરીઝ-2026નું આયોજન કરી રહ્યું છે. ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) ની સ્થાપના નવેમ્બર 1977માં ₹ટેબલ ટેનિસ₹ રમતને જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સૌથી લોકપ્રિય રમતોમાંની એક બનાવવાની ઈચ્છા સાથે કરવામાં આવી હતી. મિશનને ધ્યાનમાં રાખીને, TTAB ઉપરોક્ત સ્પર્ધા વડોદરામાં લાવવામાં ગર્વ અનુભવે છે. પ્રતિષ્ઠિત ઈવેન્ટ WTT યુવા કન્ટેન્ડર તા.2થી 5 જાન્યુઆરી, 2026 દરમિયાન વડોદરામાં બીજી વખત યોજાવા જઈ રહી છે અને WTT ફીડર સિરીઝ તા.7થી 11 જાન્યુઆરી, 2026 દરમિયાન ભારતમાં પહેલીવાર રમાશે.ઈવેન્ટ્સમાં 9થી વધુ દેશોના ટોચના પેડલર્સની 300+ ભાગીદારી શામેલ હશે, જેમાં ભારતના ખેલાડીઓનો પણ સમાવેશ થશે, જેઓ મહત્વપૂર્ણ રેન્કિંગ પોઈન્ટ મેળવવા માટે સ્પર્ધા કરશે. આ યુવાનો માટે એક વિશ્વ સ્તરની મેગા ઈવેન્ટ છે, જેમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય ક્રમાંકિત ખેલાડીઓ 300 થી વધુ ભાગ લે તેવી અપેક્ષા છે. WTT યુવા કન્ટેન્ડર વડોદરા અને WTT ફીડર સિરીઝ ઈવેન્ટને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) દ્વારા સમર્થન આપવામાં આવે છે.ઈવેન્ટ પ્રસ્તુત કરનાર ભાગીદાર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) છે. અન્ય પ્રાયોજકો PSPB, શૈલી એન્જિનિયરિંગ, PVR INOX, ACE બ્લેન્ડ છે. અમલીકરણ એજન્સી અલ્ટીમેટ ટેબલ ટેનિસ (UTT) છે.

**વડોદરામાં પાલિકાના પાપે આશાસ્પદ યુવાનનો ભોગ લેવાયો**

# ન્યાય માટે પરિવારનું રણશિંગુ, કેન્ડલ માર્ચ યોજી તંત્રને જગાડ્યું



(પ્રતિનિધિ) વડોદરા, તા.1
વડોદરા મહાનગરપાલિકાની બેદરકારીના કારણે જીવ ગુમાવનાર માંજલપુર વિસ્તારના આશાસ્પદ યુવાન વિપુલસિંહ ઝાલાના આત્માની શાંતિ માટે આજે કબીર આશ્રમ ખાતે બેસણું યોજાયું હતું. બેસણા બાદ પરિવારજનો, સ્થાનિકો અને વિપક્ષના અગ્રણીઓએ કેન્ડલ માર્ચ યોજી મૃતકને શ્રદ્ધાંજલિ અર્પી હતી અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ સાથે ન્યાયની પોકાર કરી હતી. ગયા અઠવાડિયે પાણીની લાઈન માટે ખોદવામાં આવેલા ખાડામાં પડવાથી વિપુલસિંહનું કરુણ મોત નીપજ્યું હતું. મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે આ કોઈ કુદરતી ઘટના નથી પરંતુ કોર્પોરેશન સર્જિત હત્યા છે. વિપુલસિંહના પત્ની માધવીબા અને અન્ય સભ્યોએ ભારે હૈયે જણાવ્યું હતું કે, પોલીસ માત્ર નાના કોન્ટ્રાક્ટર પર ગુનો નોંધીને સંતોષ માની રહી છે, જ્યારે ખરેખર જવાબદાર એવા વિભાગીય વડાઓ અને ઉચ્ચ અધિકારીઓ સામે હજુ સુધી કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવી નથી. પરિવારના જણાવ્યા મુજબ, વિપુલસિંહ ઘરના એકમાત્ર કમાનાર સભ્ય હતા. તેમના અવસાનથી તેમનો 7 વર્ષનો પુત્ર અને પત્ની નિરાધાર બન્યા છે. પરિવારે સવાલ ઉઠાવ્યો હતો કે કોર્પોરેશનની ભૂલની સજા એક માસૂમ બાળકે કેમ ભોગવવી પડે? રાજકીય દબાણ હેઠળ અધિકારીઓને બચાવવામાં આવી રહ્યા હોવાનો પણ તેમણે આરોપ લગાવ્યો હતો.

## રેલવન એપથી અનારક્ષિત ટિકિટ બુકિંગ પર મુસાફરોને મળશે 3 ટકાનો સીધો લાભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
રેલ મુસાફરોને ડિજિટલ પેમેન્ટ દ્વારા અનારક્ષિત ટિકિટ બુકિંગ માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે ભારતીય રેલ દ્વારા રેલવન એપ પર ટિકિટ બુકિંગ પર 3 ટકા લાભ આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.ભારતીય રેલ દ્વારા જાહેર કરવામાં આવેલી આ 3 ટકા ડિસ્કાઉન્ટ લાભ યોજના 14 જાન્યુઆરીથી 14 જુલાઈ સુધી અમલમાં રહેશે. વર્તમાનમાં રેલવન એપ પર આર-વોલેટ દ્વારા અનારક્ષિત ટિકિટ બુક કરવા પર મુસાફરોને 3 ટકા બોનસ કેશબેકની સુવિધા આપવામાં આવી રહી છે. આ સુવિધાને વધુ વ્યાપક બનાવતા રેલવે બોર્ડે નિર્ણય લીધો છે કે હવે આર-વોલેટ સિવાયના તમામ ડિજિટલ પેમેન્ટ માધ્યમો જેમ કે યુપીઆઈ, ડેબિટ ક્રેડિટ કાર્ડ વગેરે દ્વારા રેલવન એપ પર ટિકિટ બુક કરવા પર મુસાફરોને ટિકિટના મૂલ્ય પર 3 ટકાનું ડિસ્કાઉન્ટ (છૂટ) આપવામાં આવશે. જોકે, આર-વોલેટ દ્વારા ટિકિટ બુકિંગની સ્થિતિમાં પહેલાની જેમ જ 3 ટકા બોનસ કેશબેકની સુવિધા ચાલુ રહેશે. ભારતીય રેલ દ્વારા જાહેર કરવામાં આવેલી આ 3 ટકા ડિસ્કાઉન્ટ/લાભ યોજના 14 જાન્યુઆરીથી 14 જુલાઈ સુધી અમલમાં રહેશે.

# ધૈવત પંડયાની અનોખી સિદ્ધિ, 8 એવોર્ડ પોતાના નામે કર્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.1
કુછ દિન તો ગુજારો ગુજરાત મે તેવુ મહાનાયક અમિતાભ બચ્ચને કહ્યું અને તે સાંભળીને દુનિયાભરના લોકો ગુજરાતની ધરોહરને જોવા, જાણવા અને માણવા આવવા લાગ્યા. જેના પરિણામ સ્વરૂપ ગુજરાતનું ટુરિઝમ વિકસ્યુ અને અનેકોને રોજગારી પ્રાપ્ત થઇ. જેથી છેલ્લા કેટલાક સમયથી ગુજરાતને વિશ્વ ફલક પર લઇ જતા ટ્રાવેલર અને ટ્રાવેલ કંપનીઓને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ટુરિઝમ દ્વારા એવોર્ડ આપીને નવાજવામાં આવે છે. જે અંતર્ગત આયોજિત એવોર્ડ સમારોહમાં શહેરની ટ્રાવેલ કંપનીને ૮ એવોર્ડ પ્રાપ્ત થયા હતા. એવોર્ડ સમારોહમાં રાજ્યના સીએમ ભૂપેન્દ્ર પટેલ અને ડેપ્યૂટી સીએમ હર્ષ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જે વિશે માહિતી આપતા થ્રીલ બ્લેઝર્સ કંપનીના સ્થાપક ધૈવત પંડયાએ જણાવ્યું હતું કે, ગુજરાત ટુરિઝમ એવોર્ડમાં ગુજરાતના પૂર્વ ડેપ્યૂટી સીએમ નિતિન પટેલ અને એક્ટર મનોજ જોષીના હસ્તે મોસ્ટ ઈનોવેટિવ ટૂર ઓપરેટર ઈન ગુજરાત, બેસ્ટ ટ્રેકિંગ કંપની ઓફ અમદાવાદ, બેસ્ટ એડવેન્ચર ટ્રાવેલ કંપની ઓફ સૂરત, બેસ્ટ એડવેન્ચર ટ્રાવેલ કંપની ઓફ ગુજરાત, બેસ્ટ બાઈક ટૂરિઝમ પ્રમોટર ઓફ ગુજરાત, બેસ્ટ ઈન્ટરનેશનલ એડવેન્ચર ટ્રાવેલ કંપની ઓફ ગુજરાત અને બેસ્ટ ટ્રેકિંગ કંપની ઓફ ગુજરાત સહિત ૮ એવોર્ડ પ્રાપ્ત થયા હતો. એશિયાના બિગેસ્ટ ટુરિઝમ એવોર્ડમાં એક સાથે આટલા એવોર્ડ પ્રાપ્ત કરનાર ગુજરાતની એક માત્ર ટ્રાવેલ કંપની બનવાનો અમને ગર્વ છે. નોંધનીય છે કે, પાછલા કેટલાક વર્ષોથી ગુજરાત ટુરિઝમ એવાર્ડમાં થ્રીલ બ્લેઝર્સ કંપનીને ચાર કે ચારથી વધારે એવોર્ડ પ્રાપ્ત થયા છે જે પોતાનામાં એક સિદ્ધિ છે.

**જીએસટી, વેટ અને અન્ય કરોથી રાજ્યને કુલ ૧૦,૧૦૪ કરોડની આવક**

# ડિસેમ્બર-25 માં રાજ્યની જીએસટી આવકમાં ૧૨.૩૭%નો નોંધપાત્ર વધારો

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
ડિસેમ્બર-૨૦૨૫ માસ દરમિયાન ગુજરાત રાજ્યની કર આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. રાજ્યને જીએસટી હેઠળ ડિસેમ્બર-૨૦૨૫માં કુલ ૬,૩૫૧ કરોડની આવક થઈ છે, જે ગત વર્ષે ડિસેમ્બર-૨૦૨૪માં થયેલી ૫,૬૫૧ કરોડની આવકની સરખામણીમાં ૧૨.૩૭ ટકા વધુ છે. આ સાથે રાજ્યની આર્થિક પ્રવૃત્તિમાં સકારાત્મક વૃદ્ધિના સંકેતો મળ્યા છે.

મહત્વપૂર્ણ રીતે, ડિસેમ્બર-૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ દર ૬.૧ ટકા રહ્યો છે, જ્યારે રાજ્યનો જીએસટી ગ્રોથ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણો વધારે રહ્યો છે. આ પરિસ્થિતિ રાજ્યમાં વેપાર-ઉદ્યોગ અને વપરાશમાં વધારો દર્શાવે છે. જીએસટી ઉપરાંત, રાજ્યને ડિસેમ્બર-૨૦૨૫માં વેટ હેઠળ ૨,૭૧૧ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ ૯૭૬ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ ૬૭ કરોડની આવક થઈ છે. આ તમામ કર આવકને જોતા રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા મારફતે કુલ ૧૦,૧૦૪ કરોડની આવક નોંધાઈ છે.તપાસ અને અમલવારી ક્ષેત્રે પણ સકારાત્મક પરિણામો મળ્યા છે. ડિસેમ્બર-૨૦૨૫માં મોબાઈલ સ્ક્વૉડ દ્વારા કરવામાં આવેલી અન્વેષણ અને ચકાસણી કામગીરીથી ૩૨.૬૧ કરોડની આવક થઈ છે, જે ગત વર્ષે ડિસેમ્બર માસ દરમિયાન થયેલી ૨૫.૪૨ કરોડની આવકની તુલનામાં ૨૮.૩ ટકા વધુ છે. રાજ્ય કર વિભાગના અધિકારીઓ મુજબ, આવકમાં થયેલો આ વધારો સુધારેલી કર વસૂલાત વ્યવસ્થા, કડક અમલવારી અને વધતી આર્થિક પ્રવૃત્તિનું પરિણામ છે.

**મહત્વપૂર્ણ પદો માટે દાવેદારો 'ગોડફાધર'ના શરણે જતા અને ભલામણો કરાવવાનો દોર શરૂ થયો**

# વડોદરા જિલ્લા ભાજપ સંગઠનની નવરચનાને લઈને ચર્ચાઓ તેજ બની

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
વડોદરા જિલ્લા ભાજપ સંગઠનની નવરચના માટેની પ્રક્રિયા શરૂ થતા જ રાજકીય માહોલ ગરમાયો છે. વડોદરા જિલ્લા સંગઠનમાં નવા હોદ્દેદારોની પસંદગી માટે આંતરિક ચર્ચાઓ તેજ બની છે. સંગઠનના મહત્વપૂર્ણ પદો માટે દાવેદારો 'ગોડફાધર'ના શરણે જતા અને ભલામણો કરાવવાનો દોર શરૂ થયો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ જિલ્લા ભાજપ પ્રમુખ પદ માટે દર્શિત બ્રહ્મભટ્ટનું નામ આગળ ચાલી રહ્યું છે. જોકે, આ પદ માટે ધર્મેશભાઈ પંડ્યા (સંગઠનનો બહોળો અનુભવ), ઈન્દ્રજીતસિંહ (ક્ષત્રિય સમાજ), જયદીપસિંહ (કરજણ APMC), ગોપાલભાઈ રબારી, યોગેશભાઈ અધ્યારૂ, બિરેન પટેલ (અંકોડિયા) અને બી.જે. બ્રહ્મભટ્ટ જેવા નામો પણ ચર્ચામાં છે.

કોષાધ્યક્ષ પદ માટે જાણીતા ચહેરા દેવાભાઈ ઠાકોરનું નામ આગળ આવી રહ્યું છે. જ્યારે ઉપપ્રમુખ પદ માટે કિરીટસિંહનું નામ ચર્ચામાં છે, જેમણે પાર્ટીના કાર્યાલયની જમીન મેળવવામાં મહત્વનું યોગદાન આપ્યું હોવાનું કહેવાય છે. જિલ્લા ભાજપના ભાવિ મહામંત્રી પદ માટે પણ અનેક દાવેદારો સક્રિય થયા છે. જેમાં સચીન પટેલ (શિનોર - સતીશ પટેલ જૂથ), જયદીપસિંહ (કરજણ APMC ચેરમેન), સુનીલ પટેલ, અશોક ગામેચી, ભાવેશ પટેલ (નડા), રાજુ અલવા, રાજુ દાઢી (વાઘોડિયા/જરોદ), રાજેશ પટેલ (રસિકભાઈ પ્રજાપતિની ફેક્ટરી જમીનના માલિક), રવિન્દ્રસિંહ દાઢી (પાદરા) તેમજ નિલેષ પુરાણી જેવા નામો પ્રબળ દાવેદાર તરીકે સામે આવી રહ્યા છે. પાદરા ધાબળા કાંડ સાથે સંકળાયેલા ભાસ્કર પટેલનું નામ પણ ચર્ચામાં હોવાનું કહેવાય છે.

મહિલા મોરચાના પ્રમુખ પદ માટે મધુબેન સોલંકીનું નામ આગળ છે. જ્યારે યુવા મોરચામાં કૃણાલ જોશી અને સ્નેહલ પટેલ (છંછવા)ના નામો આગળ છે. ઉપરાંત, રસિક પ્રજાપતિના બે પુત્રોમાંથી ભાવેશ અથવા વિવેક–આમાંથી એક નામ ફાઈનલ થઈ શકે તેવી ચર્ચા સૂત્રોના હવાલે થી ચાલી રહી છે.હાલમાં આ તમામ નામો ચર્ચાના સ્તરે છે, પરંતુ સંગઠનની નવરચનાને લઈને વડોદરા ભાજપમાં ભારે ગતિવિધિ જોવા મળી રહી છે.

## વડોદરા એરપોર્ટે ગ્રાહક સંતોષ સર્વેક્ષણ 2025-26 માં બીજો ક્રમ મેળવ્યો

વડોદરા : વડોદરા એરપોર્ટે ગ્રાહક સંતોષ સર્વેક્ષણ 2025-26 માં બીજો ક્રમ મેળવ્યો છે. વડોદરા એરપોર્ટે 2025-26 ના વર્ષ માટે ગ્રાહક સંતોષ સર્વેક્ષણ રાઉન્ડ 2 માં ઉત્કૃષ્ટ પ્રદર્શન હાંસલ કર્યું છે, જે સમાન શ્રેણીના 58 એએઆઈ એરપોર્ટ પર હાથ ધરવામાં આવ્યું હતું. વડોદરા એરપોર્ટે અખિલ ભારતીય સ્તરે બીજો ક્રમ મેળવ્યો હતો. 5 માંથી 4.98 નો પ્રભાવશાળી સ્કોર મેળવ્યો જે મુસાફરોના સંતોષના ઉચ્ચ સ્તરને દર્શાવે છે. રાજ્યમાં, વડોદરા એરપોર્ટ ગુજરાતના તમામ એએઆઈ એરપોર્ટમાં નંબર 1 ક્રમે છે. જે વડોદરાથી માત્ર 0.01 પોઈન્ટ આગળ હતો. આ સિદ્ધિ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, એરલાઈન્સ, CISF અને વડોદરા એરપોર્ટ પર કાર્યરત તમામ એજન્સીઓની ટીમના ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવા અને એકંદર મુસાફરોના અનુભવને વધારવાના સતત પ્રયાસોને પ્રકાશિત કરે છે.

**પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ**

# મનોદિવ્યાંગ બાળકોનો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.1
મનોદિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસના ઉદ્દેશ સાથે છેલ્લા ૧૫ વર્ષથી મહાવીર હોલ ચાર રસ્તા વિસ્તારમાં આસ્થા ફાઉન્ડેશન સંચાલિત પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ શાળા કાર્યરત છે. આ શાળાના મનોદિવ્યાંગ બાળકો દ્વારા આયોજિત વાર્ષિકોત્સવમાં બાળકોની પ્રતિભા અને આત્મવિશ્વાસના અદભુત દર્શન થયા હતા. કાર્યક્રમમાં મનોદિવ્યાંગ બાળકો દ્વારા મહિલા રમતવીરોને ટ્રિબ્યૂટ આપતા નૃત્ય સહિત ૧૦થી વધુ પર્ફોમન્સ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે United Way of Barodaના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર નીલમ આચાર્ય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના રેણુકાબેન પંચાલ અને ફાલ્ગુનીબેન રાઠવાએ જણાવ્યું હતું કે વર્ષ દરમિયાન મનોદિવ્યાંગ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે, જેના માધ્યમથી બાળકોની આંતરિક શક્તિઓ અને કૌશલ્ય સમાજ સમક્ષ રજૂ થાય છે. વાર્ષિકોત્સવમાં એક મહિના સુધીની મહેનત બાદ ૧૨૦ જેટલા બાળકોએ ગણેશવંદના સાથે કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ પુસ્તક, મેરી મા, ક્રિકેટ તથા સાઉથ ઈન્ડિયન ગીતો પર આધારિત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

વડોદરા શહેરના ગોલ્ડન જંકશન આજવા જંકશન કપુરાઈ જંકશન વાઘોડિયા જંકશન અને તરસાલી જંકશન પર નવીન વરસાદી ગટર (Box Culvert) નાખવા અંગે અત્રેથી ઇજારદાર મે. શિવાલય ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ ધ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર કરવાને કારણે સદર કામગીરી માટે ઉપરોક્ત જંશકન પર વૈકલ્પીક રૂટમાં ડાયવર્ટ કરી, સદર કામગીરીની સરળતા તેમજ જરૂરિયાત મુજબ હાલના તબક્કે વાઘોડીયા જંકશન પર તા.૦૩.૦૧.૨૦૨૬ થી આગામી દિન-૧૦ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે કામ પૂર્ણ થતાં સુધી સદર રસ્તો બંધ રહેશે. તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે. બાકી ના જંકશન પર તબક્કા વાર કામગીરી હાથ ધરવામાં આવશે.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી..આર.ઓ.નં. ૯૯ /૨૦૨૫-૨૬ ડ્રેનેજ-વ.ગટર પ્રોજેકટ શાખા ધ્વારા પ્રકાશિત

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

વાસણા રોડ પર રાણેશ્વર મંદિરથી મનિષા સર્કલ સુધી નવીન ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી માટે ઇજારદાર ધ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર, તથા કામ માટેના મટીરીયલ્સ રાખવાની જગ્યાના કારણે મનિષા સર્કલથી રાણેશ્વર મંદિર ચાર રસ્તા તરફ આદિત્ય કોમ્પ્લેક્ષ સુધીના રસ્તા પર ડાબી બાજુના કેરેજ વેનો કામગીરી વાળો ભાગ કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી કામની સ્થળ-સ્થિતિની આવશ્યકતા પ્રમાણે તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રાખવાની જરૂરીયાત છે. જેના વિકલ્પે કામગીરીવાળા કેરેજ-વેના કામગીરી સિવાયના ભાગનો, જમણી બાજુના કેરેજ-વે નો તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતી પૂર્વક વપરાશ કરવાનો રહેશે. સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O.No. ૧૦૦૦ /૨૫-૨૬ ડ્રેનેજ પ્રો. શાખા દ્વારા પ્રકાશિત

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

નટુભાઇ સર્કલથી પશાભાઇ પાર્ક થઇ ચકલી સર્કલ સુધી નવીન ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી માટે ઇજારદાર ધ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર, તથા કામ માટેના મટીરીયલ્સ રાખવાની જગ્યાના કારણે ચકલી સર્કલથી પશાભાઇ પાર્ક થઇ નટુભાઇ સર્કલ પાસેના રીલાયંસ મોલ સુધીના રસ્તા પર ડાબી બાજુના કેરેજ વેનો કામગીરી વાળો ભાગ કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી કામની સ્થળ-સ્થિતિની આવશ્યકતા પ્રમાણે તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રાખવાની જરૂરીયાત છે. જેના વિકલ્પે કામગીરીવાળા કેરેજ-વે ના કામગીરી સિવાયના ભાગનો, જમણી બાજુના કેરેજ-વે નો તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતી પૂર્વક વપરાશ કરવાનો રહેશે. સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O.No. ૧૦૦૧ /૨૫-૨૬ ડ્રેનેજ પ્રો. શાખા દ્વારા પ્રકાશિત

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**

SWC સર્કલથી ભાયલી ગામ થઇ લલીતા પાર્ટી પ્લોટ તરફના રસ્તે નવીન ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી માટે ઇજારદાર ધ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર, તથા કામ માટેના મટીરીયલ્સ રાખવાની જગ્યાના કારણે ભાયલી સ્મશાનથી ભાયલી ગામ થઇ લલીતા પાર્ટી પ્લોટ થઇ ભાયલી સ્ટેશન રોડ પર સોલાસીસ-૨ સુધીના રસ્તા પર ડાબી બાજુના કેરેજ વેનો કામગીરી વાળો ભાગ કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી કામની સ્થળ-સ્થિતિની આવશ્યકતા પ્રમાણે તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રાખવાની જરૂરીયાત છે. જેના વિકલ્પે અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતી પૂર્વક વપરાશ કરવાનો રહેશે. સદર કામગીરી વધુ ઉંડાઇની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

P.R.O.No. ૧૦૦૨ /૨૫-૨૬ ડ્રેનેજ પ્રો. શાખા દ્વારા પ્રકાશિત